**Date: 01/09/2022**

**To,**
**The Manager,**
**Department of Corporate Services,**
**BSE Ltd.,**
**Dalal Street, Fort,**
**Mumbai – 400 001**

**Ref: Scrip Code: 514316**

**Subject: Submission under Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015**

Respected Sir,

Pursuant to the Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, please find enclosed herewith the copies of the Advertisements published in English newspaper, Business Standard and Vernacular newspaper, Jai Hind, on 01st September, 2022 regarding the Notice of the 40th Annual General Meeting, Book Closure and E-Voting Information.

Kindly take the above information on your record and acknowledge the same.

Thanking you,

Yours Faithfully,

**For, Raghuvir Synthetics Limited**

SUNIL RAGHUPBIRRASAD AGARWAL

Digitally signed by SUNIL RAGHUPBIRRASAD AGARWAL
Date: 2022.09.01 15:38:04 +05'30'

**Sunil R. Agarwal**
**(Chairman & Managing Director)**
**DIN: 00265303**

**Encl.: A/a.**

thereunder, SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 ('SEBI (LODR)'), read with circulars issued by MCA and SEBI in this regard, to transact the business as set out in the Notice of the AGM.

The facility for voting through ballot paper shall be made available at the AGM and the Members attending the meeting who have not cast their vote by remote e-voting shall be able to exercise their right at the meeting through ballot paper. Once the vote on a resolution is cast by the Member, the Member shall not be allowed to change it subsequently.

Members can opt for only one mode of voting, i.e., either by Ballot Form or remote e-voting or through E-Voting (where the members attending the meeting though VC or OAVM facility). In case Members cast their votes through any of the mode, voting done by remote e-voting shall prevail and votes cast through Ballot Form or e-voting shall be treated as invalid.

The Notice of AGM and Annual Report have been sent in electronic form to those members whose e-mail addresses are registered with the Company/ Registrar and Share Transfer Agent ('RTA')/ Depository Participant. Notice is also given pursuant to Section 91 of the Companies Act, 2013 ('the Act') read with Rule 10 of Companies (Management and Administration) Rules, 2014 and Regulation 42 of SEBI (LODR) that the Register of Members and Share Transfer Books of the Company will remain closed from Friday, September 23, 2022 to Thursday, September 29, 2022 (both days inclusive) for the purpose of AGM and payment of Final Divided for the financial year 2021-22, if approved by the shareholders.

**(B) Remote E-voting:**

Members of the Company be and are hereby informed that pursuant to Section 108 of the Act read with Rule 20 of Companies (Management and Administration Rules), 2014 and Regulation 44 of the SEBI (LODR), the Company has offered Remote e-voting facility for its members to cast their vote electronically on all the resolutions set forth in the Notice from a place other than venue of AGM through the platform of National Securities Depository Limited (NSDL). The details pursuant to the provisions of the Act and the said Rules are given hereunder:

(a) Date and time of Commencement of remote e-voting: Monday, September 26, 2022 at 09.00 A.M.(IST)

(b) Date and time of end of remote e-voting: Wednesday, September 28, 2022 at 05.00 P.M.(IST). The e-voting module shall also be disabled for voting thereafter.

(c) Cut-off date: Thursday, September 22, 2022.

(d) Notice of AGM inter alia containing the procedures of E-voting, Proxy Form and Attendance Slips, are available on the website of the Company at www.thehitechgears.com

(e) Any person who have acquired shares after the dispatch of the Notice of AGM and before the cut-off date may approach the RTA or Company for issuance of the User ID and Password for exercising their right to vote by electronic means.

(f) At the AGM, facility for voting through ballot paper/e-voting shall be made available and only the members as on the "cut–off date" i.e. September 22, 2022 who have not cast their vote by remote e-voting shall be entitled to exercise their right to vote at the AGM through ballot paper/e-voting.

(g) A member may participate in the AGM even after exercising his right to vote through remote e-voting but shall not be allowed to vote again at the AGM.

(h) A Person whose name is recorded in the Register of Members/ Beneficial owners as on the cut-off date only shall be entitled to avail facility of remote e-voting or voting in the AGM.

**(C) E-Voting at the AGM**

The facility for e-voting at AGM shall also be made available on the day of AGM i.e. on September 29, 2022. Members may access the same at https://www.evoting.nsdl.com under shareholders/members login by using the remote e-voting credentials .The members who have not cast their votes through remote e-voting can cast their vote at e-AGM.

The Company has appointed Mr. Nirbhay Kumar, proprietor of M/s Nirbhay Kumar & Associates, Practicing Company Secretary as Scrutinizer to scrutinize the e-voting process in a fair and transparent manner. For queries relating to e-voting, members may refer FAQs and e-voting user manual for members available in download section at www.evoting.nsdl.com or call on toll free no.: 1800-1020-990 or send a request at evoting@nsdl.co.in.

All correspondence related to e-voting may also be written to Mr. Naveen Jain, Company Secretary, at aforesaid address or email to secretarial@thehitechgears.com.

**(D) Final Dividend:**

If final dividend on shares is approved at the AGM, payment of such dividend will be made to those members whose names appear in the Register of Members as per book closure mentioned above in terms of Section 91 of the Act, Regulation 42 of SEBI (LODR) and other applicable provisions.

The aforesaid Notice of 36th AGM and Annual Report for the Financial Year 2021-22 are also available on the website of the Company i.e. at www.thehitechgears.com.

**For The Hi-Tech Gears Limited**
**Sd/-**
**Naveen Jain**
**Company Secretary**

**Place: Gurugram**
**Date: August 31, 2022**

---

...erty is mortgaged by Mr.Dharmesh Dhirajlal Chudasama andMeenaben Dharmesh Chudasamato M/s Edelweiss Housing Finance Limited for the loan availed by them. The secured creditor is having physical possession of the below mentioned Secured Asset.

| Sl. No. | Name of Borrower(s)/Co Borrower(s)/ Guarantor(s) | Amount of Recovery | Reserve Price and EMD | Date & Time of the Auction | Date & Time of the Inspection |
|---|---|---|---|---|---|
| 1 | **Dharmesh Dhirajlal Chudasama (Borrower), Meenaben Dharmesh Chudasam (Co-Borrower)** | **Rs.12,10,383.37/-**(Rupees Twelve Lacs Ten Thousand Three Hundred Eighty Three and Thirty Seven Paisa Only) **under LAN No. LRJKLAP0000044039,** as on 28/08/2022 + further Interest thereon + Legal Expenses | **Rs.12,00,000/-** (Rupees Twelve Lacs Only). **Earnest Money Deposit Rs.1,20,000/-** (Rupees One Lac Twenty Thousand Only) | **11-10-2022 Between 11.am to 12 Noon (With 5 Minutes Unlimited Auto Extensions)** | **06-09-2022 between 11.00 am to 3.00 pm** |

**Description of the secured Asset -** All That Part And Parcel Of Property Bearing Constructed Commercial Office Measured 13.38 Sq.Mrs. At City Survey Ward No.1 P Sheet No.122 City Survey No.333 P Office No.39 (339) On The Third Floor Of "Shri Sadguru Arcade" At Taluka & District Rajkot. **Bounded As Sale Deed:- North:** Common Space, **South:** Another House, **East:** Office No 38 Of 3rd Floor, **West:** Office No 40 Of 3rd Floor.

**Note:-** **1)** The auction sale will be conducted online through the website **https://sarfaesi.auctiontiger.net** and Only those bidders holding valid Email, ID PROOF & PHOTO PROOF, PAN CARD and have duly remitted payment of EMD through DEMAND DRAFT/ NEFT/RTGS shall be eligible to participate in this **"online e-Auction"**.
**2)** The intending bidders have to submit their EMD by way of remittance by DEMAND DRAFT / RTGS/NEFT to:
Beneficiary Name: EDELWEISS HOUSING FINANCE LIMITED,
**3) Bank:STATE BANK OF INDIA, Account No.65226845199, SARFAESI- Auction, EDELWEISS HOUSING FINANCE LIMITED, IFSC code: SBIN0001593.**
**4) Last date for submission of online application BID form along with EMD is 10-10-2022.**
**5)** For detailed terms and condition of the sale, please visit the website **https://sarfaesi.auctiontiger.net** or **Please contact on the Mr. Prakash Chaudhary Ph. +91- 6351896643/07961200584, Help Line e-mail ID: Support@auctiontiger.net.**

**Mobile No.7208934461/9727768394/9099982225**
**Date: 01.09.2022**

**Sd/- Authorized Officer**
**Edelweiss Housing Finance Ltd.**

---

## RAGHUVIR SYNTHETICS LIMITED

Regd. Office: Rakhial Road, Rakhial, Ahmedabad-380023 Ph.: 079-22911015-22911902
E-mail ; info@raghuvir.com • Website: www.raghuvir.com • CIN : L17119GJ1982PLC005424

## NOTICE OF 40TH ANNUAL GENERAL MEETING, BOOK CLOSURE AND E-VOTING INFORMATION

**ANNUAL GENERAL MEETING :**

Noticei s hereby given that the 40th Annual General Meeting (AGM) of the members of the Company will be held on Monday, 26th September, 2022 at 12.00 p.m at registered office of the Company situated at M/s. Raghuvir Synthetics Limited, Nr. Gujarat Bottling, Rakhial Road, Rakhial, Ahmedabad-380023, Gujarat, IN to transact the Ordinary and Special Businesses as set out in the Notice of the AGM. The Company has completed the dispatch of the Notice of AGM and the Annual Report for the Financial Year 2021-22. The communication relating to voting process and other instructions regarding remote e-voting has been dispatched to the members.

**BOOK CLOSURE FOR AGM :**

Further, Notice is hereby given that pursuant to Section 91 of the Companies Act, 2013 read with Rule 10 of the Companies (Management and Administration) Rules 2014 that the Register of Members and Share Transfer Books of the Company shall remain close from 20th September, 2022 to 26th September, 2022 (both days inclusive) for the purpose of the AGM.

**VOTING THROUGH ELECTRONIC MODE :**

Pursuant to the provisions of Section 108 of the Companies Act, 2013 read with Rule 20 of the Companies (Management and Administration) Rules 2014, as amended, and Regulation 44 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, remote e-voting facility has been made available to the membersto exercise their right to vote. The Company has engaged the services of CDSL to provide remote e-voting facility. The details of the remote e-voting are as under:

1. Date and time of commencement of remote E-voting: 23rd September, 2022 at 09.00 a.m.
2. Date and time of end of remote E-voting: 25th September, 2022at 5.00 p.m.
3. Remote e-voting shall not be allowed beyond 25th September, 2022at 5.00 p.m.
4. Cut-off date: 19th September, 2022
5. Facility for voting through ballot paper shall also be made available at the AGM. Members attending the meeting, who have not already cast their vote by remote e-voting, shall be able to exercise their right at the meeting.
6. A member may participate in the General Meeting even after exercising his right to vote through remote e-voting but shall not be allowed to vote again at the AGM.
7. A person whose name is recorded in the register of members or in the register of beneficial owners maintained by the depositories as on the cut-off date only shall be entitled to avail the facility of remote e-voting or voting in the General Meeting.
8. Notice of the Annual General Meeting has been displayed on the website of the Company www.raghuvir.com, on the website of the Stock Exchange www.bseindia.com and on website of e-voting platform provided by Central Depository Services (India) i.e. www.evotingindia.com.
9. In case you have any queries or issues regarding e-voting contact below stated official who is responsible for grievances connected with facility of e-voting :

**Name of Official – Mr. Rakesh Dalvi, Designation – Manager, Address - 25th Floor, A Wing, Marathon Futurex, Mafatlal Mills Compound, NM Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 013 E Mail ID -helpdesk.evoting@cdslindia.com, Phone No.- 1800225533, 022-23058542**

**By Order of the Board of Directors**
**Raghuvir Synthetics Limited**
**Sunil R. Agarwal**
**(Chairman & Managing Director)**
**DIN: 00265303**

Place: Ahmedabad
Date: 31/08/2022

# આરોગ્ય વિમા પ્રિમીયમ ઘટશે! ઈરડાનો સંકેત

નવી દિલ્હીઃ દેશમાં આરોગ્ય વિમો (હેલ્થ ઈન્સ્યોરન્સ) ખૂબ જ મોંઘો હોવાનું સ્વીકાર કરતા વિમા ઓથોરીટીના ચેરમેન દેબાશીષ પાંડાએ જણાવ્યું હતું કે ટેકનોલોજીનો લાભ ઉઠાવીને આ વિમા ખર્ચ ઘટાડી શકાય છે. શ્રી પાંડાએ જણાવ્યું કે દેશના એક મોટા વર્ગને મોંઘા વિમા પ્રીમીયમના કારણે આ પ્રકારના કવચથી દૂર રહેવાની ફરજ પડે છે. શ્રી પાંડાએ સ્વીકાર્યુ કે હોસ્પીટલ ખર્ચમાં જે છૂપા ખર્ચ છે તેના કારણે વિમા કવચ મોંઘુ પડે છે. હોસ્પીટલોના પુર્વ નિર્ધારિત ખર્ચ ખૂબ જ ઉંચો છે. તેઓએ જણાવ્યું કે આરોગ્ય વિમા પ્રીમીયમ ઘટે તે માટે અને તેને વ્યાજબી બનાવવા માટેના ઉપાયો પર વિચારણા કરવી પડશે.

### હેલ્થ ઈન્સ્યોરન્સ ખૂબ જ મોંઘોઃ સ્વીકાર

વીમા પ્રિમીયમ ઘટાડવા માટે ઈન્સ્યુરન્સ નિયમનકાર દ્વારા એજન્ટોના કમિશનમાં કાપ મૂકી દેવામાં આવ્યો જ છે. એજન્ટને ૩૦ થી ૩૫ ટકા કમિશન મળતું હતું તેના બદલે હવે ૨૦ ટકાની મર્યાદા મૂકી દેવામાં આવી છે. આ કદમથી પ્રિમીયમ ઘટશે અને લોકોને પણ રાહત મળશે. કોરોના કાળ વખતે લોકોને આરોગ્ય વિમાની અનિવાર્યતાની સમજ પડી હતી. જોકે કોરોના કાળ દરમ્યાન લોકોને મોટો આર્થિક ફટકો પડયો હોવાના કારણે આરોગ્ય વિમો ધરાવતા લોકોના વિમા રીન્યુઅલ ઘટયા હોવાનું તાજેતરના એક રીપોર્ટમાં બહાર આવ્યું હતું. હવે પ્રિમીયમમાં રાહત મળવાના સંજોગોમાં લોકો ફરી વખત આકર્ષાઇ શકે છે.ખાસ કરીને નવી ટેકનોલોજીના આધારે આપણે તેમાં એક કદમ આગળ વધી શકીએ છીએ.



ગુજરાત સહિત દેશના અનેક રાજ્યોમાં પશુધનમાં ખાસ કરીને ગાયોમાં ચામડીના લમ્પી રોગચાળાના કારણે હજારો પશુઓના મોત થયા છે, ઉત્તર ભારતના શહેર જમ્મુની બહાર એક ગામમાં વેટરીનરી ડોકટર્સ લમ્પી રોગ સામે ગાયોને વેક્સિન આપી રહ્યા છે.

# ભાજપ વડાપ્રધાન મોદીનો ચહેરો આગળ કરી વિવિધ રાજયોની વિધાનસભા ચૂંટણીઓ લડશે

નવીદિલ્હી,તા.૩૧

ભાજપ ૨૦૨૩ સુધી થનારી તમામ વિધાનસભા ચૂંટણી સામૂહિક નેતૃત્વના આધારે લડશે. એટલે કે કોઈ રાજયમાં મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ નહીં કરાય. જોકે, હાલના મુખ્યમંત્રીઓને ચૂંટણી જીત્યા પછી ફરી મુખ્યમંત્રી બનવાની તક મળી શકે છે. આ વર્ષના અંતે ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણી છે, જ્યારે બાદમાં રાજસ્થાન, મધ્ય પ્રદેશ, કર્ણાટક, છત્તીસગઢ અને ત્રિપુરામાં ચૂંટણી છે.આ પૈકી ગુજરાત, મધ્ય પ્રદેશ, હિમાચલ પ્રદેશ અને ત્રિપુરામાં ભાજપ સત્તામાં છે. ભાજપે આ રાજયોમાં ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી છે. છેલ્લા દિવસોમાં ભાજપના સંસદીય બોર્ડના પુનર્ગઠન પછી ટોચના નેતાઓ એ અંગે સંમત થયા કે, સત્તાધારી રાજ્યોમાં નેતૃત્વને લઈને સત્તાવિરોધી માહોલ સર્જાયો છે. એટલું જ નહીં, સંગઠનમાં પણ અનેક સ્તરે ફરિયાદો છે. સંગઠન સ્તરે સંકલનનો પણ અભાવ છે. એટલે હાલના મુખ્યમંત્રીઓના નેતૃત્વમાં ચૂંટણી લડવાના વિકલ્પથી બચવું જોઈએ.

### સંગઠનમાં મુશ્કેલીઓ હોવાથી કોઈને મુખ્યમંત્રી પદના ઉમેદવાર તરીકે પ્રોજેક્ટ નહીં કરાય

આ અંગે એક વરિષ્ઠ ભાજપ નેતા કહે છે કે, ભાજપના મુખ્યમંત્રીઓ પણ એ વાતે સંમત છે કે, વિધાનસભા ચૂંટણીમાં ફક્ત પીએમ મોદીનો જ ચહેરો હોવો જોઈએ. આ ઉપરાંત કેન્દ્રની યોજનાઓને સત્તાધારી રાજ્ય સરકારો તરફથી યોગ્ય ડિલિવરીનું નેરેટિવ પણ સેટ કરવું જોઈએ. રાજ્યોના મતદારોને એ સંદેશ આપવો જોઈએ કે, મોદીના નેતૃત્વમાં ડબલ એન્જિન સરકાર યોગ્ય વિકલ્પ છે. પક્ષના એક મહા સચિવે કહ્યું કે, સામૂહિક નેતૃત્વનો અર્થ એ નથી કે, સત્તામાં આવી ગયા પછી મુખ્યમંત્રી બદલી નાંખવામાં આવશે. હોઈ શકે કે, હાલના મુખ્યમંત્રીને ફરી એકવાર તક અપાય. ગોવા કે ઉત્તરાખંડમાં ભાજપ આવું કરી જ ચૂક્યો છે.

# દેશમાં ૨ ઓક્ટોબરથી 'વન નેશન વન ફર્ટિલાઈઝર' સ્કીમ લાગુ : કંપનીઓ વેચશે સિંગલ બ્રાન્ડ ખાતર

નવી દિલ્હી,તા. ૩૧

મલ્ટી બ્રાન્ડથી પોતાના ઉત્પાદનો વેચવાની હોડમાં ખેડૂતોને ચૂનો લગાવતી ફર્ટિલાઈઝર કંપનીઓ પર વન નેશન વન ફર્ટિલાઈઝર સ્કીમ લાગુ કરીને સરકાર સકંજો કરશે. આ સ્કીમથી પોણા બસો કંપની આ સિંગલ બ્રાન્ડ ફર્ટિલાઈઝર વેચશે. ફર્ટિલાઈઝર ઉત્પાદક કંપનીઓના ડીલરો અને એજન્ટો વચ્ચેની સ્પર્ધા પર પણ લગામ કસવામાં સરળતા રહેશે.

૨ ઓક્ટોબરથી દેશની બધી ૧૭૭ ફર્ટિલાઈઝર કંપનીઓ સિંગલ બ્રાન્ડ ભારત ફર્ટિલાઈઝર વેચવાનું શરુ કરશે. ફર્ટિલાઈઝર મંત્રાલય તરફથી બધા સંબંધિત પક્ષકારોને પૂરેપૂરી તૈયારી કરી લેવાનો નિર્દેશ અપાયો છે. જે અંતર્ગત ફર્ટિલાઈઝરના પેકેજીંગ પણ સમાન થઈ જશે. બધી કંપનીઓએ ભારત ફર્ટિલાઈઝરના નામથી વેચાણ કરવું પડશે.

### નવી સ્કીમથી દેશની પોણા બસો કંપનીઓ પર લગામ લાગશે, ખેડૂત છેતરાતો બચશે : દરેક ગુણીની ગુણવતા સમાન રહેશે

દેશમાં હાલ કંપનીઓ સબસિડીવાળા ઉત્પાદનો યુરિયા, એમોનિયા ફોસ્ફેટ (ડીએપી), નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટેશિયમ, મ્યુરિએટ ઓફ પોટાશ ખાતર વેચે છે.

હવે આ કંપનીઓએ સિંગલ બ્રાન્ડ ભારત ફર્ટિલાઈઝરના નામથી ફર્ટિલાઈઝરનું વેચાણ કરવું પડશે. આ સ્કીમથી ખેડૂતોને જુદી જુદી કંપનીઓના ડીલર-એજન્ટો વિના કારણે અવળે રસ્તે નહીં ચડાવે ખાતરનું પૂરેપુરુ વેચાણ પોઈન્ટ ઓફ સેલ (પીઓએસ) મશીનના માધ્યમથી થશે. જે આધાર નંબર સાથે જોડાયેલ છે, જેને ટૂંક સમયમાં જ ખેડૂતોના લેન્ડ રેકોર્ડ સાથે પણ જોડી દેવાશે. મંત્રાલયના એક અધિકારીના જણાવ્યા મુજબ ખેડૂતોને તેની જરુરિયાત મુજબ ફર્ટિલાઈઝર ખરીદવાની છૂટ મળશે. સિંગલ બ્રાન્ડ હોવાથી ખેડૂતોને ભ્રમિત નહીં કરી શકાય અને દરેક ગુણીના ખાતરની ગુણવત્તા સમાન હશે.

જો કે આ સ્કીમથી ફર્ટિલાઈઝર કંપનીની બ્રાન્ડ વેલ્યુ પૂરી થવાનો ગંભીર ખતરો વધી ગયો છે, પણ કંપની ખાતરની ગુણીમાં પોતાની વિગતો આપી શકશે.

# દેશમાં ૧૮થી ૫૯ વર્ષના ૯૨ ટકા લોકોએ કોરોના વેક્સિનના બન્ને ડોઝ લીધા, ૯૮ ટકાએ એક વાર રસી મુકાવી

નવી દિલ્હી, તા.૩૧

દેશમાં ૧૮થી ૫૯ વર્ષના ૯૨ ટકા લોકોએ કોરોના વેક્સિનના બન્ને ડોઝ લીધા, જ્યારે ૯૮ ટકાએ એક વાર રસી મુકાવી. વેક્સિન મુકવા લાયક ૧૮થી ૫૯ વર્ષની વય જૂથના ૭૭ કરોડ લોકોમાંથી માત્ર ૧૨ ટકાએ અત્યાર સુધીમાં પ્રિકોશન ડોઝ એટલે કે ત્રીજીવાર રસી મુકાવી છે. ૬૦ વર્ષથી વધુ વય અને આરોગ્ય કર્મી તેમજ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સની કુલ ૧૬.૮૦ કરોડ વસ્તીમાંથી ૩૫ ટકાએ ત્રીજો ડોઝ લીધો અત્યાર સુધીમાં કુલ ૧૫.૬૬ કરોડ પ્રિકોશન ડોઝ આપવામાં આવ્યા, જેમાં ૧૫ જુલાઈથી અત્યાર સુધીમાં 'કોવિડ રસીકરણ અમૃત મહોત્સવ' શરૂ થયા બાદ આપવામાં આવેલા ૧૦.૩૯ કરોડ ડોઝનો સમાવેશ થાય છે. આરોગ્ય મંત્રાલયના સૂત્રોએ જણાવ્યું હતું કે, ૧૪ જુલાઈ સુધી ૧૮-૫૯ વર્ષની વય જૂથની ૬૪,૮૯,૯૯,૭૨૧ પાત્ર વસ્તીને ૮ ટકા પ્રિકોશન ડોઝ આપવામાં આવ્યો છે.

૧૫મી જુલાઈના રોજ શરૂ કરાયેલા આ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા ૯,૨૮,૫૯૮ વિશેષ રસીકરણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં રેલ્વે સ્ટેશન (૪,૨૫૯), બસ સ્ટેશન (૯,૧૮૩), એરપોર્ટ (૩૭૦), શાળાઓ અને કોલેજો (૧,૧૬,૬૭૫), ધાર્મિક સ્થળોના માર્ગ પર (૩,૫૨૨) અને શિબિરો (૭,૯૪,૫૮૯) અન્ય સ્થળોનો સમાવેશ થાય છે.

# જુલાઈમાં ક્રેડીટ કાર્ડથી રૂા. એક લાખ કરોડની ખરીદી થઈ

ભારતમાં ક્રેડીટ કાર્ડ કલ્ચર સતત વધતું રહ્યું છે અને જુલાઈ માસમાં એક નવો રેકોર્ડ નોંધાયો છે. રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાના આંકડા મુજબ જુલાઈ માસમાં ક્રેડીટ કાર્ડના ખર્ચામાં ૬.૬ ટકાનો વધારો નોંધાયો છે અને છેલ્લા પાંચ મહિનાથી દેશમાં ક્રેડીટ કાર્ડ મારફત થતા ખર્ચાની માસિક રકમ રૂા. એક લાખ કરોડથી વધી ગઇ છે. હજુ દિવાળી સહિતના તહેવારોની મોસમ છે અને તેથી ક્રેડીટ કાર્ડ મારફત થતા ખર્ચ વધવાની ધારણા છે. ખાસકરીને હાલમાં બેન્કો તથા કાર્ડ કંપનીઓ પોતાના ગ્રાહકોને ખાસ ઓફર આપી રહી છે જેના કારણે પણ ક્રેડીટ કાર્ડનો ઉપયોગ થઇ રહ્યો છે. દેશમાં જુલાઈ માસમાં ૧૫.૩ લાખ નવા ક્રેડીટ કાર્ડ ઇસ્યુ થયા હતા અને કુલ ક્રેડીટ કાર્ડની સંખ્યા ૮ કરોડથી વધી ગઇ છે.

# સોશિયો અને કેમ્પા સોફટડ્રીંક કંપની ખરીદી લેતું રિલાયન્સ : બજારમાં મોટો ધમાકો કરશે

મુંબઈ,તા. ૩૧

દેશમાં એફએમસીજી ક્ષેત્રમાં પણ મોટાપાયે ઝંપલાવી રહેલી રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા સૌપ્રથમ પેપ્સી અને કોકાકોલા સામે દેશીનો જંગ શરુ કરવાનું બ્યુગલ ફૂંક્યું છે તથા સોફટ ડ્રીક્સ બ્રાન્ડ કેમ્પા અને સોસિયો બંને ખરીદી લીધી છે. સોફટ ડ્રીંક માર્કેટમાં ભારતમાં કોકાકોલા અને પેપ્સીનું સામ્રાજ્ય છે હવે રિલાયન્સ રિટેઈલ વેન્ચર લીમીટેડ દ્વારા તેની સામે ભારતીય બ્રાન્ડને વધુ આગળ કરવાનો નિર્ણય લેવાયો છે અને પ્યોર ડ્રીંક ગ્રુપ પાસેથી રિલાયન્સ દ્વારા કેમ્પા અને સોસિયો બંને બ્રાન્ડ ખરીદી લેવામાં આવી છે. સોમવારે જ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝની સામાન્ય સભામાં કંપનીએ જાહેરાત કરી હતી કે રિલાયન્સ રિટેઈલના માધ્યમથી એફએમસીજી માર્કેટમાં પ્રવેશ કરી રહ્યું છે અને તેના કલાકોમાં જ આ સોદો કરી લેવામાં આવ્યો હતો. ભારતમાં એફએમસીજીમાં હિન્દુસ્તાન લીવર, બ્રિટાનીયા અને પારલે સહિતની કંપનીઓનું સામ્રાજ્ય છે જેને હવે રિલાયન્સ પડકારશે. રિલાયન્સ રિટેઈલ દ્વારા અનેક પ્રાઈવેટ લેબલના ગ્રોસરી અને અન્ય ઉત્પાદનો તેના રિલાયન્સ સ્માર્ટ, રિલાયન્સ માર્ટ અને ઓનલાઈન પ્લેટફોર્મ જીઓ માર્ટ દ્વારા વેચવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત હવે કંપની તેના એફએમસીજી બિઝનેસને પણ વિસ્તારશે અને ડીટરજન્ટથી લઈ બિસ્કીટ,સાબુ, શેમ્પુ વગેરે બિઝનેસમાં પણ રિલાયન્સ ઝંપલાવશે. રિલાયન્સ દ્વારા હાલમાં જ આ પ્રકારના બે ડઝન જેટલી બ્રાન્ડ હસ્તગત કરવામાં આવી છે. કેમ્પાએ ૧૯૯૦માં પારલે દ્વારા તૈયાર કરવામાં આવી હતી જેમાં થમ્પઅપ, ગોલ્ડસ્પોટ અને લીમ્કાનું સામ્રાજ્ય હતું પરંતુ કોકાકોલાએ પારલે પાસેથી ત્રણ બ્રાન્ડ થમ્સઅપ, ગોલ્ડસ્પોટ અને લીમ્કા ખરીદી હતી. કેમ્પા ત્યારબાદ ભુલાઈ ગયેલી બ્રાન્ડ બની ગઈ હતી. આ ઉપરાંત સોસિયો એ મર્યાદિત લોકોની પસંદ રહી છે પરંતુ રિલાયન્સ તેને હવે મોટાપાયે રજૂ કરશે.

### કોકાકોલા અને પેપ્સી માટે એલર્ટ : અન્ય બ્રાન્ડ પણ ખરીદવાની તૈયારી : ગોલ્ડસ્પોટ પણ પાછી માર્કેટમાં લાવવા રિલાયન્સ તૈયાર


**નામ બદલેલ છે**

મેં મારૂ નામ સરિતાબેન વાસુદેવ રામજી શર્માથી બદલીને નવું નામ સરિતા વાસુદેવ શર્મા રાખેલ છે.

સરનામું: સી-૧૩, સેટેલાઈટ પ્રેમ સોસાયટી, અક્ષરધામ ફ્લેટ,જજીસ બંગલા રોડ, બોડકદેવ, અમદાવાદ- ૩૮૦૦૫૪


# સાર્વજનિક સ્થળો પર મૂર્તિ કે કોઇપણ પ્રકારના બાંધકામની મંજૂરી આપી શકાય નહીં : આદેશ

નવી દિલ્હી,તા. ૩૧

દેશના કોઈપણ નગરપાલિકા કે મહાનગરોને સાર્વજનિક સ્થળો, ફૂટપાથ, સડક કે અન્ય જાહેર ઉપયોગના સ્થાનો પર કોઈપણ પ્રકારની મૂર્તિ કે તેવી કોઇ ધાર્મિક નિર્માણની મંજુરી આપવાનો અધિકાર નથી. આંધ્રપ્રદેસ હાઈકોર્ટે એક મહત્વના ચૂકાદામાં જણાવ્યું કે અગાઉ કોઈ મંજુરી આપી હોય કે અન્ય કોઈ પ્રકારની મંજુરી અપાઈ હોય કે નિર્માણ કાર્ય ચાલી રહ્યું હોય તો પણ સર્વોચ્ચ અદાલતના તા. ૧૮-૨-૨૦૧૩ના આદેશથી વિપરીત તેને આગળ વધારી શકાશે નહીં. ભારત સરકાર અને અન્ય વિરુધ્ધ ગુજરાત સરકારના એક કેસમાં સુપ્રિમ કોર્ટે ૨૦૦૬માં જણાવ્યું હતું કે હવેથી રાજ્ય સરકાર સાર્વજનિક સડકો, ફૂટપાથ કે તેના કિનારાના જાહેર વિસ્તારો કે અન્ય કોઈ જાહેર સ્થળો પર કોઈપણ પ્રકારની મૂર્તિ કે અન્ય કોઈ ધર્મના પ્રતિકો કે બાંધકામને મંજૂરી આપશે નહીં. જો કે આ આદેશમાં હાઈમાસ્ક લાઈટ, સ્ટ્રીટલાઈટ, વિદ્યુતીકરણ, ટોલ સંબંધી નિર્માણ થયેલી સડકો, રાજમાર્ગો કે વિકાસ અને સૌંદર્યકરણ માટે અપનાવાતા પ્રોજેક્ટ માટે તે લાગુ થશે નહીં. આંધ્રપ્રદેશનાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી રાજશેખર રેડ્ડીની પ્રતિમા એક માર્ગ પર ઉભી કરવાના મુદ્દે જાહેર હિતની અરજી કરવામાં આવી હતી અને તેની મંજુરી સામે પ્રશ્ન ઉઠાવાયો હતો. તથા અરજદારે જણાવ્યું હતું કે સર્વોચ્ચ અદાલતના આદેશ છતાં પણ આ પ્રકારનાં મૂર્તિ વગેરે સ્થાપવામાં આવે છે.

### ૧૮-૨-૨૦૧૩ના સર્વોચ્ચ અદાલતના આદેશને લાગુ કરવા તાકીદ : રાજ્ય સરકાર પણ સાર્વજનિક સ્થળો, ફૂટપાથ કે તેના કિનારાના વિસ્તારો વગેરેમાં મૂર્તિ વગેરે સ્થાપનની આપી શકશે નહીં

# મુંબઈઃ ઓગષ્ટમાં મિલ્કત વેચાણમાં ૧૦ વર્ષની રેકોર્ડ નોંધણી

મુંબઈઃ દેશમાં કોવિડકાળ પછી અર્થતંત્ર ફરી બેઠુ થવાની કોશીશ કરી રહ્યું છે તે સમયે આર્થિક પાટનગર મુંબઈમાં ઓગષ્ટ માસમાં મિલ્કત વેચાણે છેલ્લા ૧૦ વર્ષનો રેકોર્ડ તોડયો છે અને રીયલ એસ્ટેટ ક્ષેત્ર માટે હવે નવરાત્રી-દિપાવલીના તહેવારો વધુ સારી આશા રાખે છે. ગ્રેટર મુંબઈ એટલે કે મુંબઈના મુખ્ય અને તેની આસપાસના ક્ષેત્રોમાં ૮૧૪૯ પ્રોપર્ટી વેચાણ રજીસ્ટ્રેશન થયા અને રાજય સરકારને રૂા.૬૨૦ કરોડની આવક થઈ છે અને સૌથી વધુ મહત્વનું એ છે કે ઓગષ્ટમાં જે સોદા થયા અથવા મિલ્કત રજીસ્ટ્રેશન થયા તેમાં ૬૦% જેટલા સોદામાં મિલ્કતની કિંમત રૂા.૧ કરોડ કે તેથી વધુની હતી. મુંબઈમાં ૫૦૦થી ૧૦૦૦ સ્કવેર ફુટના ઘરોની સૌથી વધુ માંગ છે.

રાજયમાં રેવન્યુ વિભાગના અંદાજ મુજબ મુંબઈમાં પ્રોપર્ટી રજીસ્ટ્રેશનમાં વાર્ષિક ધોરણે ૪૭%નો વધારો થયો હોવાનો સંકેત છે. વાર્ષિક ધોરણે મુંબઈમાં પ્રોપર્ટી-વેચાણ રજીસ્ટ્રેશન ૨૦% વધ્યા છે.


**SBI ભારતીય સ્ટેટ બેંક**

IFSC બેંકીગ યુનિટ, ૧૪૦૧, હિરાનંદાની સિગ્નેચર ટાવર, ગીફ્ટ SEZ, ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫

**બેંકની શાખાઓ માટે લીઝ/ભાડે થી જગ્યા જોઈએ છે**

ભારતીય સ્ટેટ બેંક ને તેની નીચે મુજબ ની બે શાખાઓ અને સેલ માટે નીચે દર્શાવેલ વિસ્તારમાં જરૂરી વીજળી, તથા તમામ સવલતો સાથે જગ્યાની આવશ્યકતા હોઈ મિલકતના માલિક કે મિલકતનું કુલમુખ્ત્યારનામું ધરાવતા આસામી/ઓ પાસેથી ઓફર મંગાવવામાં આવે છે.

| નં. | શાખા/ઓફિસ નું નામ | જે તે શાખાનો વિસ્તાર | જરૂરી બિલ્ટ અપ એરિયા |
|---|---|---|---|
| ૧. | રીજનલ હેડ ઓફિસ, સાઉથ એશિયા, ગીફ્ટ SEZ, ગીફ્ટ સીટી | IFSCA, GIFT SEZ, GIFT CITY, ગાંધીનગર સીમાની અંદર | ૪૦૦૦ સ્કે. ફુટ બિલ્ટ અપ એરિયા (± 10% ) સમકક્ષ ૨૨૦૦ સ્કે. ફુટ (± 10% ) કાર્પેટ એરિયા કોઈપણ ફ્લોર ઉપર |

રસ ધરાવતા મિલકતના આસામીઓ "ટૅક્નિકલ બીડ" તથા "પ્રાઈસ બીડ" અને અન્ય વિગતો વેબસાઈટ https://bank.sbi/web/ sbi-in-the-news/procurement-news ઉપર થી ડાઉનલોડ કરી શકાશે. તેમજ તેઓની ઓફર અલગ અલગ સીલ્ડ કવરમાં ""ટેકનીકલ બીડ" તથા "પ્રાઈસ બીડ" લખી તારીખ ૧૪.૦૯.૨૦૨૨ સુધીમાં ઉપરોક્ત સરનામે રજૂ કરી શકશે. આવેલ ઓફરો પૈકી કોઈપણ ઓફર કે બધી ઓફર કોઈ પણ કારણ દર્શાવ્યા વગર સ્વીકાર કે અસ્વીકારવાનો બેંકનો હક્ક અબાધિત રહેશે.

તા.: ૦૧.૦૯.૨૦૨૨, સ્થળ: ગાંધીનગર — ડેપ્યુટી જનરલ મેનેજર



**BHAGWATI ભગવતી ઓટોકાસ્ટ લિમિટેડ**

(CIN: L27100GJ1981PLC004718)

રજી. ઓફિસઃ સર્વે નંબર ૮૧૬, ગામઃ રજોડા, બાવળા નજીક, અમદાવાદ-૩૮૨૨૨૦, ગુજરાત, ભારત.

ફોનઃ +૯૧ ૨૭૧૪ ૨૩૨૨૮૩/૨૩૨૯૮૩/૨૩૨૦૬૬ E-mail: cs@bhagwati.com Website: www.bhagwati.com

**૪૦મી વાર્ષિક સામાન્ય સભાની નોટિસમાં ઉમેરો**

આ, ૨૩મી મે ૨૦૨૨ની નોટિસ સભ્યોને મોકલવામાં આવેલ, ભગવતી ઓટોકાસ્ટ લિમિટેડ (કંપની) ની ૪૦મી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) તારીખ ગુરૂવાર, ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ બપોરે ૩:૦૦ કલાકે વિડિયો કોન્ફોરન્સિંગ (VC) / અન્ય ઓડિયો વિઝ્યુઅલ માધ્યમો (OAVM) દ્વારા રાખેલ છે તે નોટિસના સંદર્ભમાં છે. કંપનીઝ અધિનિયમ, ૨૦૧૩ (અધિનિયમ)ની જોગવાઈઓ સાથે તેની હેઠળ બનાવેલા નિયમો અને કોર્પોરેટ કાર્યમંત્રાલયના તારીખ ૮ એપ્રિલ, ૨૦૨૦, ૧૩ એપ્રિલ, ૨૦૨૦, ૫મે, ૨૦૨૦, ૧૩ જાન્યુઆરી, ૨૦૨૧, ૧૪ ડિસેમ્બર, ૨૦૨૧ અને ૫મે, ૨૦૨૨ના રોજ જારી કરેલા પરિપત્રો (સામુહિક રીતે MCA પરિપત્રો) પ્રમાણે એજીએમ નોટિસ અને વાર્ષિક અહેવાલ પહેલાથીજ એવા તમામ સભ્યોને મોકલી આપવામાં આવ્યા છે કે જેમના ઈ-મેઈલ સરનામાં કંપની / આરડીએ / ડિપોઝિટરી પાર્ટિસિપન્ટસ (ડીપી) સાથે નોંધાયેલા છે.

૪૦મી એજીએમની નોટિસ મોકલાઈ ગયા બાદ, નોમિનેશન અને મહેનતાણું સમિતિની ભલામણ પર, કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે તારીખ ૩૦મી ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ પરિપત્ર ઠરાવ દ્વારા, આગામી ૪૦મી એજીએમમાં ૧ ઓક્ટોબર, ૨૦૨૨ થી ડૉ. પ્રવિણ એન. ભગવતી (DIN: 00096799) નો હોદ્દો બિન-કાર્યકારી નિયામક (પ્રમોટર) અને કંપનીના બોર્ડના ચેરમેન તરીકે રહેશે એવી દરખાસ્ત કરી હતી, કારણકે ડૉ. પ્રવિણ એન. ભગવતી ની જૂની નિમણૂકની શરતો મુજબ તેમની જોઈન્ટ મેનેજિંગ ડિરેક્ટરની મુદત તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સમાપ્ત થશે. કંપનીઝ અધિનિયમ, ૨૦૧૩ સાથે તેની હેઠળ બવાવેલા નિયમો મુજબ, કંપનીએ સભ્યોને ઉપરોક્ત સંદર્ભિત વ્યવસાય વિશે જાણ કરવી જરૂરી છે અને તે માટે ૪૦મી એજીએમની નોટિસમાં ફેરફાર માટે વધારાનો વ્યવસાય નંબર ૬, તારીખ ૧ ઓક્ટોબર, ૨૦૨૨ થી ડૉ. પ્રવિણ એન. ભગવતી (DIN: 00096799)નો હોદ્દો બિન-કાર્યકારી નિયામક (પ્રમોટર) અને કંપનીના બોર્ડના ચેરમેન તરીકે ઉમેરીને સુધારો કરવામાં આવ્યો છે, જેની નોંધ લેવી.

એજીએમ નોટિસમાં જણાવેલ નિવેદનોજોડે વધારાનો વ્યવસાય નંબર ૬ પરિશિષ્ટ સાથે કંપનીની વેબસાઈટ www.bhagwati.com પર ઉપલબ્ધ છે અને તેમાંથી ડાઉનલોડ પણ કરી શકાય છે. આ પરિશિષ્ટ કંપનીના સભ્યોને મોકલવામાં આવેલી નોટિસ તારીખ ૨૩મી મે, ૨૦૨૨ની એજીએમ નોટિસનું અભિન્ન ભાગ રહેશે.

એજીએમ નોટિસમાં ઉપરોક્ત પરિશિષ્ટને અપડેટ કરવા અને જરૂરી કાર્યવાહી માટે (૧) બીએસઈ લિમિટેડ (BSE) ની વેબસાઈટ www.bseindia.com પર અને (૨) નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (NSDL) ની વેબસાઈટ www.evoting.nsdl.com પર મુકવા માટે કંપની જરૂરી પગલાં લેશે.

સભ્યો અને અન્ય હિસ્સેદારોને ૪૦મી એજીએમની નોટિસ આ પરિશિષ્ટ સાથે વાંચવા વિનંતી કરવામાં આવે છે.

ભગવતી ઓટોકાસ્ટ લિમિટેડ વતી,

તારીખઃ ૩૧.૦૮.૨૦૨૨
સ્થળઃ અમદાવાદ

સહી/-
મેહુલ નળિયાધરા
કંપની સેક્રેટરી



**ARFIN આર્ફિન ઈંડિયા લિમિટેડ**

ARFIN INDIA LIMITED

રજિસ્ટર્ડ ઓફિસઃ બી-૩૦૨, ત્રીજો માળ, પેલિકન હાઉસ, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ બિલ્ડિંગ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત, ભારત.

CIN: L65990GJ1992PLC017460, ફોનઃ +૯૧ ૭૯ ૨૬૫૮૩૭૯૧, ૯૨
ઈમેલ: investors@arfin.co.in, વેબસાઈટ: www.arfin.co.in

**૩૦મી વાર્ષિક સમાન્ય સભા, બુક ક્લોઝર અને ઈ-વોટિંગ ની સૂચના**

આથી નોટીસ આપવામાં આવે છે કે કંપનીના સભ્યોની ૩૦મી વાર્ષિક સામાન્ય સભા શનિવાર, સપ્ટેમ્બર ૨૪, ૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે, કંપની ધારા, ૨૦૧૩ ની જોગવાઈઓ અને મિનિસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેર્સના, એપ્રિલ ૦૮ ના પરિપત્ર નંબર ૧૪/૨૦૨૦, એપ્રિલ ૧૩ ના પરિપત્ર નંબર ૧૭/૨૦૨૦, મે ૦૫ ના પરિપત્ર નંબર ૦૩/૨૦૨૨ અને ૧૩ જાન્યુઆરી ના પરિપત્ર નંબર ૦૨/૨૦૨૧ તથા સીક્યુરિટીસ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના, મે ૧૩ ના પરિપત્ર નંબર SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 અન્વયે વિડિઓ કોન્ફરન્સ અથવા અન્ય ઓડિયો વિડિઓ માધ્યમ દ્વારા યોજોશે.

વાર્ષિક એહવાલ કે જેમા વીસી દ્વારા સંસ્થામાં હાજર રેહવા અને ઈ-વોટિંગની વિગતવાર પ્રકિયા સહિત ની નોટીસ તથા અન્ય ડોક્યુમેન્ટસ સામેલ છે તે, તમામ સભ્યો ને કે જેમના ઈ-મેલ એડ્રેસ કંપની અથવા ડીપોઝિટરી પાર્ટિસિપેન્ટ માં નોંધાયેલાં છે તેઓને ઓગસ્ટ ૩૧, ૨૦૨૨ સુધી ઈ-મેલથી મોકલી આપેલ છે. સભ્યોને ૩૦મી વાર્ષિક સામાન્ય સભા અને વાર્ષિક અહેવાલની સૂચનાથી ભૌતિક નકલ મોકલવાની જરૂરિયાતો દૂર કરવામાં આવી છે. વાર્ષિક એહવાલ અને નોટીસ કંપની ની વેબસાઈટ www.arfin.co.in અને એન.એસ.ડિ.એલ. ની વેબસાઈટ https://www.evoting.nsdl.com પરથી ડાઉનલોડ કરી શકાશે.

કંપનીએ સભ્યોને તેમના મતઅધિકારનો ઉપયોગ સભા પૂર્વે અને સભા દરમ્યાન ઈલેક્ટ્રોનિક માધ્યમથી કરી શકે તે માટે નેશનલ સીક્યુરિટીસ ડીપોઝિટરી લિમિટેડની રિમોટ ઈ-વોટિંગની સુવિધા ઉપલબ્ધ કરી છે. રિમોટ ઈ-વોટિંગ બુધવાર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૨ ના રોજ સવારે ૯.૦૦ કલાકથી શુક્રવાર સપ્ટેમ્બર ૨૩, ૨૦૨૨ ના રોજ સાંજે ૫.૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. શનિવાર, સપ્ટેમ્બર ૧૭, ૨૦૨૨ (કટ-ઓફ-ડેટ) ના રોજ શેર ધરાવતા તમામ સભ્યો રિમોટ ઈ-વોટિંગ દ્વારા તેમના મતઅધિકારનો ઉપયોગ કરી શકશે. રિમોટ ઈ-વોટિંગ તેના સમય પૂર્ણ થાય બાદ થયી શકશે નહિ. રિમોટ ઈ-વોટિંગ દ્વારા મત આપનારા સભ્યો સભામાં હાજર રહી શકશે પરંતુ સભા દરમ્યાન તેમનો મત ફરી આપી શકશે નહી. રિમોટ ઈ-વોટિંગ દ્વારા મત નહી આપનારા સભ્યો વીસી દ્વારા સભામાં હાજર રહીને તેમનો મત સભા દરમ્યાન આપી શકશે. જે વ્યક્તિ નોટીસ મોકલ્યા બાદ કંપની ના સભ્યો બન્યા હોય અને કટ-ઓફ ડેટ (સપ્ટેમ્બર ૧૭,૨૦૨૨) ના રોજ શેર ધરાવતાં હોય તેઓ evoting@nsdl.co.in અથવા mcsstaahmd@gmail.com પર વિનંતી મોકલીને લોગ ઈન ની વિગત અને મિટિંગ નંબર મેળવી શકે છે.

ઈ-વોટિંગ અથવા વીસી દ્વારા સભામા હાજર રેહવા માટે ની કોઇપણ પ્રકારની પૂછપરછ માટે શેરધારકો વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQs) તથા ડાઉનલોડ વિભાગ પર ઉપલબ્ધ ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકા નો સંદર્ભ લઈ શકે છે અથવા ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૨૨-૯૯૦ નો સંપર્ક અથવા તો evoting@nsdl.co.in પર ઈમેલ મોકલી શકે છે. રજિસ્ટર ઓફ મેમ્બર્સ અને શેરટ્રાન્સફર રજિસ્ટર વાર્ષિક સામાન્ય સભા ના હેતુ માટે સપ્ટેમ્બર ૧૮, ૨૦૨૨ થી સપ્ટેમ્બર ૨૪, ૨૦૨૨ સુધી (બંને દિવસ સહિત) બંધ રહેશે.

આર્ફિન ઈંડિયા લિમિટેડ કંપની વતી
સહી/-

સ્થાનઃ અમદાવાદ
મહેન્દ્ર આર. શાહ
તારીખઃ ઓગષ્ટ ૩૧, ૨૦૨૨ (ચેરમેન અને સમગ્ર સમય નિયામક, DIN : ૦૦૧૮૨૭૪૬)



**Kiri Industries Limited**

Future Full of Colours.....

(CIN-L24231GJ1998PLC034094)
Regd. Office: 7th Floor, Hasubhai Chambers, Opp. Townhall, Ellisbridge, Ahmedabad 380 006
Contact No: (P) +91 79 - 26574371/72/73, Fax: +91 79 - 26574374
Email Id: info@kiriindustries.com, Website: www.kiriindustries.com

**નોટિસ**

આથી નોટિસ આપવામાં આવે છે કે કીરી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના સભ્યોની ૨૪મી વાર્ષિક સાધારણ સભા (એજીએમ) ગુરુવાર, સપ્ટેમ્બર ૨૯, ૨૦૨૨ ના રોજ બપોરે ૦૨.૩૦ વાગે ભારત સરકારના કોર્પોરેટ બાબતોના મંત્રાલય(એમસીએ)ના સામાન્ય સર્ક્યુલર નં. ૧૪/૨૦૨૦, ૧૭/૨૦૨૦, ૨૦/૨૦૨૦, ૦૨/૨૦૨૧, ૨૧/૨૦૨૧ અને ૦૨/૨૦૨૨ મુજબ તેમ જ સેબીના સર્ક્યુલર નં. SEBI/HO/CFD/CMD1/CIR/P/2020/79 અને SEBI/HO/CFD/CMD2/CIR/P/2021/11 અને SEBI/HO/CFD/CMD2/CIR/P/2022/62 (હવે પછી સંયુક્ત રીતે સરક્યુલર્સ તરીકે ઉલેખ્ખ થશે) વંચાણે લેતા મુજબ વિડીયો કોન્ફરન્સિંગ (વીસી-"VC") દ્વારા યોજવામાં આવશે.

૨૪મા વાર્ષિક અહેવાલ સાથે નોટિસની ઈલેક્ટ્રોનિક કોપી જે સભ્યોના ઈમેઈલ એડ્રેસ કંપની/ આરટીએ અથવા ડિપોઝીટરી પાર્ટીસીપન્ટસ પાસે નોંધાયેલ હશે તે તમામ સભ્યોને સમયસર મોકલી આપવામાં આવશે અને કંપનીની વેબસાઈટ www.kiriindustries.com પર તથા સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com અને www.nseindia.com પર અને સીડીએસએલની વેબસાઈટ www.evotingindia.com પર ઉપલબ્ધ રહેશે.

જે સભ્યોએ પોતાના ઈમેઈલ આઈડી કંપની પાસે રજિસ્ટર/અપડેટ ન કરાવ્યા હોય તેમને વિનંતી છે કે તેઓ તેમના ડિપોઝીટરી પાર્ટીસીપન્ટસ અથવા અમારા આરટીએની વેબસાઈટ પર એટલે કે કેમિયો કોર્પોરેટ સર્વિસીસ લિમિટેડ પાસે https://investors.cameoindia.com/ પર નોંધાવે/અપડેટ કરાવે. વધુમાં, ફિઝિકલ સ્વરૂપે શેર ધરાવતા અથવા જેમણે પોતાના ઈમેઈલ એડ્રેસ કંપની પાસે રજિસ્ટર ન કરાવ્યા હોય તેવા સભ્યો મીટિંગમાં એજીએમની નોટિસમાં અપાયેલ સૂચનાઓને અનુસરીને રિમોટ ઈ-વોટિંગ અથવા એજીએમ દરમિયાન ઈ-વોટિંગ દ્વારા તેમનો મત આપી શકશે.

ઉપરોક્ત માહિતી સરક્યુલર્સના પાલનમાં કંપનીના તમામ સભ્યોના લાભ માટે જારી કરવામાં આવી રહી છે. સભ્યોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ એજીએમની નોટિસ ધ્યાનપૂર્વક વાંચે અને એજીએમમાં જોડાવા માટેની સૂચનાઓ, રિમોટ ઈ-વોટિંગ દ્વારા મતદાન કરવાની રીત અને મીટિંગ દરમિયાન મતદાન કરવાની રીત પણ ધ્યાનપૂર્વક વાંચે.

કીરી ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ વતી,

તા.: ઓગસ્ટ ૩૧, ૨૦૨૨
સ્થળ: અમદાવાદ

સહી/-
સુરેશ ગોંડલિયા
કંપની સેક્રેટરી



**SL રઘુવીર સિન્થેટીક્સ લિમિટેડ**

રજીસ્ટર્ડ ઓફીસ : રખિયાલ રોડ,રખિયાલ, અમદાવાદ-૩૮૦ ૦૨૩.
ફોન : 079-22911015-22911902-22910963, CIN : L17119GJ1982PLC005424
E-mail : info@raghuvir.com • Website: www.raghuvir.com

**૪૦મી વાર્ષિક સામાન્ય સભા, ઇ-વોટીંગ અને બુકબંધ અંગેની નોટીસ**

**વાર્ષિક સામાન્ય સભા**

આથી રઘુવીર સિન્થેટીક્સ લિ.ના સભાસદોને નોટીસ આપવામાં આવે છે કે, કંપનીની ૪૦મી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ રખિયાલ રોડ, રખિયાલ, અમદાવાદ -૩૮૦૦૨૩ ગુજરાત ખાતે વાર્ષિક સામાન્ય સભાની નોટીસમાં દર્શાવેલ સામાન્ય અને ખાસ એજન્ડા સારૂ મળશે. કંપનીએ વાર્ષિક સામાન્ય સભાની નોટીસ તથા નાણાંકિય વર્ષ ૨૦૨૧-૨૦૨૨નું નફા-નુકશાનનું સરવૈયુ સભાસદોને મોકલી આપેલ છે. દુરસ્થ ઈ-વોટીંગ કરવા માટેનો યુઝર વિગતો અને સૂચના પણ સભાસદોને મોકલી આપેલ છે.

**વાર્ષિક સામાન્ય સભાની બુકબંધ**

આથી નોટીસ આપવામાં આવે છે કે, કંપની કાયદો-૨૦૧૩ની કલમ-૯૧ રૂલ-૧૦ (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) રૂલ્સ-૨૦૧૪ અંતર્ગત નોટીસ આપવામાં આવે છે કે, કંપનીના સભાસદોનું રજીસ્ટર્ડ અને શેરટ્રાન્સફર બુક તા. ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૨ થી તા. ૨૬મી સપ્ટેમ્બર, ૨૦૨૨ (બંને દિવસો સહિત) વાર્ષિક સામાન્ય સભા સારુ બંધ રહેશે.

**ઇલેક્ટ્રોનિક પદ્ધતિથી ઇ-વોટીંગ**

કંપની કાયદાની ૨૦૧૩ની કલમ ૧૦૮ની જોગવાઈ સાથે રૂલ-૨૦ (મેનેજમેન્ટ એન્ડ એડમીનીસ્ટ્રેશન) રૂલ-૨૦૧૪, અને સેબી (લીસ્ટીંગ રેગ્યુલેશન)-૨૦૧૫ના રેગ્યુલેશન-૪૪ મુજબ સભાસદોને તેમના વોટ્સના હક્ક માટે દુરસ્થ ઈ-વોટીંગની સુવિધા આપેલ છે. કંપનીએ દુરસ્થ ઈ-વોટીંગની સુવિધા માટે સી.ડી.એસ.એલ. સાથે જોડાણ કરેલ છે. દુરસ્થ ઈ-વોટીંગની માહિતી નીચે મુજબ છે.

૧. દુરસ્થ ઈ-વોટીંગ શરૂ થવાની તારીખ અને સમય : તા. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૨૨ સવારે ૯-૦૦ કલાકે
૨. દુરસ્થ ઈ-વોટીંગ પૂર્ણ થવાની તારીખ અને સમય : તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૨ સાંજે ૫-૦૦ કલાકે
૩. દુરસ્થ ઈ-વોટીંગ તા. તા. ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૨ સાંજે ૫-૦૦ કલાક પછી થઈ શકશે નહી.
૪. નોંધણીની તારીખ : ૧૯મી સપ્ટેમ્બર, ૨૦૨૨
૫. બેલોટ પેપરથી વોટીંગ કરવાની વ્યવસ્થા વાર્ષિક સામાન્ય સભામાં કરવામાં આવે છે, સભામાં હાજર રહેનાર સભ્યો કે જેમને દુરસ્થ ઈ-વોટીંગથી વોટીંગ કરેલ નથી તેઓ તેમના હક્કનો ઉપયોગ કરી શકશે.
૬. જે સભાસદોએ દુરસ્થ ઈ-વોટીગ દ્વારા વોટ આપેલ છે તેઓ વાર્ષિક સામાન્ય સભામાં હાજર રહી શકશે, પરંતુ ફરીથી વોટ આપી શકશે નહી.
૭. નોંધણીની તારીખે કંપની સભાસદોના રજીસ્ટરમાં જે વ્યક્તિનું નામ હશે અથવા તો ડીપોઝીટરી દ્વારા જાળવવામાં આવતા "રજીસ્ટર ઓફ બેનીફીશીયલ ઓનર" માં જેનું નામ હશે તે દુરસ્થ ઈ-વોટીંગ અથવા સામાન્ય સભામાં મતદાન કરવાનો અધિકારી થશે.
૮. કંપનીની વાર્ષિક સામાન્ય સભાની નોટીસ કંપનીની વેબસાઈટ : www.raghuvir.com, સેન્ટ્રલ ડીપોઝટરી સર્વિસ (ઇન્ડિયા) દ્વારા ઈ-વોટીંગ માટે ફાળવેલી વેબસાઈટ : www.evotingindia.com અને બોમ્બે સ્ટોક એક્ષચેંજ વેબસાઈટ : www.bseindia.com પર જોઈ શકાશે.
૯. જો દુરસ્થ ઈ-વોટીંગ સંબંધે સભાસદોને કોઇ મુશ્કેલી હોય તો નીચેના ફોન તથા ઈ-મેલ ઉપર સંપર્ક કરવા વિનંતી.

અધિકારીનું નામ : શ્રી રાકેશ દલવી, હોદ્દો - મેનેજર સરનામું : ૨૫મો માળ, એ-વિંગ, મેરેથન ફયુચરેક્ષ, મફતલાલ મીલ કમ્પાઉન્ડ, એન.એમ. જોષી માર્ગ, લોવર પરેલ (ઇ), મુંબઇ-૪૦૦ ૦૧૩
ઇ-મેઇલ ::helpdesk.evoting@cdslindia.com ફોન : 1800225533, 022-23058542

બોર્ડ ઓફ ડીરેક્ટરના હુકમથી
રઘુવીર સિન્થેટીક્સ લિમિટેડ વતી,

સ્થળ : અમદાવાદ
તારીખ : ૩૧-૦૮-૨૦૨૨

સુનિલ રઘુવીરપ્રસાદ અગ્રવાલ
ચેરમેન અને મેનેજીંગ ડાયરેક્ટર
DIN: 00265303